દાવો રજૂ કર્યા તારીખ ૦૬ / ૦૭ / ૨૦૧૭
દાવો દાખલ કર્યા તારીખ ૦૬ / ૦૭ / ૨૦૧૭
દાવો ફેસલ કર્યા તારીખ ૧૯ / ૦૭ / ૨૦૧૯
સમયગાળો ૧૩–દિવસ, ૦૦–માસ, ૦૨–વર્ષ

सत्यमेव जयते

**એડીશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સ્પેશ્યલ (ઈલેકટ્રીસીટી) જજ સાહેબની કોર્ટમાં, મુ. કોડીનાર**

**સ્પેશ્યલ દિ. મુ. નં. ૧૦૨૧/૧૮**

**(ઉના કોર્ટના જુના સ્પે.દિ.મુ.નં.૧૦૦૭/૧૭)**

**આંક :– ૨૨**

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
સબ ડીવીઝન નં.૧ કોડીનાર
(ડીવીઝન ઓફીસ ઉના, સર્કલ ઓફીસ અમરેલી
તથા હેડ ઓફીસ રાજકોટ), **...... વાદી**

**<u>–:: વિરુધ્ધ ::–</u>**

ગુજ.નારણભાઈ એભાભાઈ વાળાના વારસો :
(૧) વરજાંગભાઈ નારણભાઈ વાળા, ઉ.વ.પુખ્ત
(૨) ધીરૂભાઈ નારણભાઈ વાળા, ઉ.વ.પુખ્ત,
(૩) બહાદુરભાઈ નારણભાઈ વાળા, ઉ.વ.પુખ્ત
બધા ઉ. વ. આ. પુખ્ત, ધંધો : ખેતી, હીન્દુ,
મોટી ફાફણી, તા.કોડીનાર, જિ.ગીર સોમનાથ. **...... પ્રતિવાદીઓ**

**દાવો :–** વીજળી અધિનીયમ ૨૦૦૩ ની કલમ ૧૫૪(૫) મુજબ પાવર ચોરી બીલની લેણી રકમ વસુલ મળવા અંગે.

---

વાદી તરફે : વિ. વ. શ્રી એમ. જે. કુબાવત,
પ્રતિવાદી તરફે : એકતરફી.

---

**<u>–:: ચૂકાદો ::–</u>**

(૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી કંપની વીજ ઉત્પાદન અને વીજ વિતરણ કરતી કંપની છે, વાદી કંપનીના અધિકારી/કર્મચારીઓના ચેકીંગ દરમિયાન આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક નહી હોવા છતા પોતાના રહેણાંકી મકાને વાદી કંપનીના વીજ

પોલ ઉપરથી ગેરકાયદેસર રીતે વીજ પ્રવાહ મેળવી પાવરચોરી કરતા મળી આવતા સ્થળ ઉપર રોજકામ તથા તપાસણી અહેવાલ અને કેલકયુલેશન શીટ તૈયાર કરવામાં આવેલ અને પ્રતિવાદીને **રૂા.૩૮૧૯–૯૩** પૈસાનુ પાવરચોરીનુ બીલ આપવામાં આવેલ, આમ છતા પ્રતિવાદીએ બીલ મુજબની રકમ ભરપાઈ નહી કરતા વાદીએ ડીલે પેમેન્ટ ચાર્જ સહીત **રૂા.૫૧૨૬–૦૩ પૈસા** ૨૪ ટકાના વ્યાજ સાથે વસુલ મેળવવા હાલનો દાવો કરેલ છે અને દાવો ખર્ચ સહીત મંજુર કરવા માંગણી કરેલ છે.

(૨) હાલનો દાવો હકુમતના કારણસર પ્રથમ સ્પેશ્યલ કોર્ટ ઉના ટ્રાન્સફર કરવામાં આવેલ હતો, જે ઉના મુકામે **સ્પે.દી.મુ.નં.૧૦૦૭/૧૭** થી નોંધવામાં આવેલ હતો, ત્યારબાદ હકુમતના કારણસર આ દાવો એડીશનલ ડીસ્ટ્રીકટ કોર્ટ, કોડીનાર મુકામે ટ્રાન્સફર થઈ આવતા તેના નવા નંબર **સ્પે.દી.મુ.નં.૧૦૨૧/૧૮** પડેલા છે. દાવો ટ્રાન્સફર થઈ આવતા પક્ષકારોને નોટીસ કરવામાં આવેલ છે, દાવાની નોટીસ પ્રતિવાદીને આંક–૬ થી બજી ગયેલ હોવા છતા આ કામના પ્રતિવાદી જાતે કે વકીલ મુખત્યાર મારફત અદાલતમાં હાજર રહેલ નથી કે તેમના તરફે કોઈ રીપોર્ટ નથી, જેથી આ કામ પ્રતિવાદી વિરૂઘ્ધ એકતરફી ચલાવવા હુકમ કરવામાં આવેલ છે.

(૩) આ કામે પક્ષકારોના પક્ષ નિવેદન ધ્યાને લઈ આ દાવાના આખરી નિર્ણય માટે આંક–૦૭ થી નીચે મુજબના મુદાઓ કાઢેલા છે.

**-: I S S U E :-**

**(1) Whether the plaintiff proves that the defendant has committed theft of electricity of the alleged amount ?**

**(2) Whether the plaintiff is entitled to get interest ? If yes, at what rate ?**

**(3) Whether the plaintiff is entitled to get the relief as sought for ?**

**(4) What order and decree ?**

(૪) ઉપરોકત મુદાઓ પરના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં,

(૨) અંશતઃહકારમાં, ૬ ટકાના સાદા વ્યાજના દરે

(૩) અંશતઃ હકારમાં

(૪) આખરી હુકમ મુજબ.

(૫) ઉપરોકત મુદાઓ પુરવાર કરવા માટે દાવાના સમર્થનમાં વાદી તરફે નાયબ ઈજનેર શ્રી જશુભાઈ ભીખાભાઈ બારડનાઓએ આંક–૮ થી સરતપાસનુ સોગંદનામું તથા આંક–૯ થી આંક–૨૦ સુધીના દસ્તાવેજી પુરાવાઓ જેવા કે રોજકામ, તપાસણી અહેવાલ, એનેક્ષર–૪, ગેટપાસ, થેફટ બીલ કેલકયુલેશન શીટ, પાવરચોરીનુ બીલ, પુરવણી બીલ, લીગલ નોટીસ, એકનોલેજમેન્ટ, પ્રફોર્મા–૧૨, સેંકશન ઓર્ડર તથા દાવો દાખલ કરવાની પરવાનગી આપતો ઓફીસ ઓર્ડર રજુ કરેલ છે. તેમજ આંક–૨૧ થી પુરાવો પુરો થયાનુ જાહેર કરેલ છે. જયારે પ્રતિવાદી તરફે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ થયેલ નથી. જેથી વાદી તરફે તેમના વિધ્વાન વકીલશ્રીને સાંભળવામાં આવેલ છે.

(૬) આ કામે ઉપરોકત મુદાઓના નિર્ણય અંગેના મારા કારણો નીચે મુજબ છે.

(૬.૧) **–:: કા ર ણો ::–**

**મુદા નં. ૧ થી ૩ ::–**

આ તમામ મુદાઓ પરસ્પર સંકળાયેલા હોઈ, અવાર નવાર હકીકતોનુ પુનરાવર્તન ટાળવા સાથે ચર્ચા કરવામાં આવેલ છે.

(૭) વાદી તરફે આંક–૦૮ થી સાહેદ જશુભાઈ ભીખાભાઈ બારડનાઓએ પોતાનુ સરતપાસનું સોગંદનામું રજૂ કરેલ છે અને આંક–૦૯ થી ૨૦ સુધીના રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓ જેવા કે રોજકામ, તપાસણી અહેવાલ, એનેક્ષર–૪, ગેટપાસ, થેફટ બીલ કેલકયુલેશન શીટ, પાવરચોરીનુ બીલ, પુરવણી બીલ, લીગલ નોટીસ, એકનોલેજમેન્ટ, પ્રફોર્મા–૧૨, સેંકશન ઓર્ડર તથા દાવો દાખલ કરવાની પરવાનગી આપતો ઓફીસ ઓર્ડર રજુ કરેલ છે. આ કામે પ્રતિવાદી જાતે કે વકીલ કે મુખત્યાર મારફત હાજર રહેલ ન હોય, દાવો એકતરફી ચલાવવામાં આવેલ હોય અને વાદીના મૌખિક પુરાવાને પ્રતિવાદીએ ઉલટ તપાસથી પડકારેલ હોય કે વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓને ચેલેન્જ કરેલ ન હોય વાદી તરફે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ આધારે વાદી કંપની ધ્વારા કરવામાં આવેલ

ચેકીંગ દરમિયાન પ્રતિવાદી પોતાના રહેણાંકી મકાને ગેરકાયદેસર રીતે પાવરચોરી કરતા મળી આવેલાનુ પુરવાર થાય છે, તેમજ વાદીએ પ્રતિવાદીને પાવરચોરી બીલ આપેલ છે, જે પુરતો સમય અને તક આપવા છતા પ્રતિવાદીએ ભરપાઈ કરેલ નથી, જેથી પ્રતિવાદીની કસુરના કારણે વાદીએ દાવો કરવા ફરજ પડેલ હોવાનુ પુરવાર થાય છે, જેથી વાદી પાવરચોરી બીલની લેજર એકાઉન્ટ મુજબની લેણી રકમ **રૂા.૩૮૧૯–૯૩ પૈસા** વસુલ મેળવવા હકકદાર હોવાનુ માની શકાય એમ છે. પરંતુ વાદીએ બાકી લેણી રકમ ઉપર ૨૪ ટકા ડીલે પેમેન્ટ ચાર્જીસ વસુલ મેળવવા માંગણી કરેલ છે તે અંગે કોઈ દસ્તાવેજી આધાર પુરાવા કે કરાર રજુ કરેલ ન હોય, વાદી માંગ્યા મુજબ ડીલે પેમેન્ટ ચાર્જીસ વસુલ મેળવવા હકકદાર હોવાનુ માની શકાય નહી, પરંતુ તેમ છતા પ્રતિવાદીની કસુરના કારણે વાદી કંપનીની લેણી રકમ રોકાઈ રહેલ હોય, વાદી કંપનીને પ્રતિવાદી પાસેથી યોગ્ય રકમનુ વ્યાજ અપાવવાનુ યોગ્ય જણાઈ આવે છે. જેથી વ્યાજ અંગે કોઈ દસ્તાવેજી આધાર પુરાવા રેકર્ડ ઉપર રજુ થયેલ ન હોય, સી.પી.સી. નિયમ–૩૪ લક્ષમાં લેતા અને પ્રવર્તમાન વ્યાજના દરો ધ્યાને લેતા વાદીને પ્રતિવાદી પાસેથી તેની બાકી લેણી રકમ ઉપર વાર્ષિક ૬ ટકા લેખે સાદુ વ્યાજ અપાવવાનો હુકમ કરવો ન્યાયના હિતમાં જરૂરી જણાય છે. તેથી મુદા નં.૧ થી ૩ નો જવાબ ઉપર મુજબ આપી મુદા નં.૪ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

(૧) વાદીનો હાલનો દાવો અંશતઃ મંજૂર કરવામાં આવે છે.

(૨) વાદી પ્રતિવાદી પાસેથી રૂા.૩૮૧૯:૯૩ પૈસા (અંકે રૂપિયા ત્રણ હજાર આઠસો ઓગણીસ અને ત્રાણુ પૈસા) દાવા તારીખથી વસુલ થતા સુધીના ૬ ટકાના ચડત વ્યાજ સહીત પ્રતિવાદીની જાત તથા દરેક પ્રકારની મિલકત પરથી વસુલ મેળવવા હકકદાર હોવાનુ ઠરાવવામાં આવે છે.

(૩) આ દાવાનુ વાદીનુ ખર્ચ પ્રતિવાદીએ ભોગવવુ અને પ્રતિવાદીએ પોતે પોતાનુ ખર્ચ જાતે ભોગવવુ.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ તા. ૧૯ માહે–જુલાઈ, સને–૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

કોડીનાર
તા.૧૯/૦૭/૨૦૧૯.

(નરેશભાઈ લક્ષ્મીશંકર દવે)
એડીશનલ ડીસ્ટીકટ અને સેશન્સ જજ,
તથા સ્પેશ્યલ જજ
(જીજે–૦૦૪૩૯)
**કોડીનાર**